દૈનિક

RNI No. : GujGuj/2017/72587

Email:satyanisodhdaily@gmail.com

SATYANISODH (DAILY)

# સત્યની શોધ

સત્ય સાથે ચાલતું, ભ્રષ્ટાચાર સામે લડતું

satyanisodh satyanisodh

Dhruv Pathak 884 924 3474

Website:www.satyanisodh.in

વર્ષ : ૮ ● અંક :૨૬૧ ● તારીખ: ૧૭-૦૯-૨૦૨૪, મંગળવાર ● વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ-૬ ● કિંમત : ૩-૦૦ રૂપિયા ● મુખ્ય કાર્યાલય : ૨૩, મનમોહનપાર્ક, તા.વાઘોડિયા, જી.વડોદરા

OWNER PANKAJ JAIN ....9737 3737 05 "EDITOR IN CHIF NILESH PATHAK. 957 474 7458 "SAB EDITOR... NAGIN BHARATI GOSWAMI 9624 962 396 SNS WEB NEWS "DHRUV PATHAK 884 924 3474

# કૈલાશ ભોયાનું ધરમપુરનું લોકર ઘટસ્ફોટ કરી શકે!:વિશ્વામિત્રી કાંઠે ઝોન ફેર કરનાર પૂર્વ TPOના ૫ ખાતામાં માત્ર ૧૨ લાખ!, વડોદરામાં કરોડોનો વૈભવી બંગલો





વડોદરા :

વિશ્વામિત્રીના પૂરે વડોદરાવાસીઓને ડૂબાડ્યા હતા અને સંપત્તિને નુકસાન કર્યુ હતું. ત્યારે વિશ્વામિત્રીના કિનારે આડેધડ ઝોન ફેરની મંજૂરી આપનાર સુરતના તત્કાલિન ટાઉન પ્લાનર અને હાલમાં જ ફરજિયાત નિવૃત્ત કરાવી દેવાયેલા કૈલાસ ભોયા સામે ભ્રષ્ટાચારની ફરિયાદ નોંધાઈ હતી. આરોપી કૈલાશ ભોયાના ૫ એકાઉન્ટમાંથી ૧૨ લાખ રૂપિયા અને તેના પુત્ર અને પત્નીના એકાઉન્ટમાંથી ૧૪ લાખ રૂપિયા છઝમ્ની તપાસ દરમિયાન મળી આવ્યા છે.

આરોપી કૈલાશ ભોયા વલસાડ ખાતેથી ઝડપાયા બાદ અદાલતે ત્રણ દિવસના રિમાન્ડ આપ્યા હતા. તેના રિમાન્ડ આજે પુરા થતાં ફરી કોર્ટમાં રજૂ કરાયો હતો અને કોર્ટ તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો આદેશ કરતા તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો છે. આગામી દિવસોમાં પોલીસ આરોપીને સાથે રાખીને ધરમપુર ખાતે તેનું બેંક લોકર ખુલશે.

ભ્રષ્ટાચારની અરજી થઈ હતી

વડોદરામા ફરજ દરમિયાન વિશ્વામિત્રીના કિનારે ઝોન ફેરની પ્રવૃત્તિ કરી હોવાનો આરોપ જેમની સામે છે, એવા સુરતના તત્કાલિન ટાઉન પ્લાનિંગ ઓફિસર કૈલાશ લાહનાભાઈ ભોયા સામે વડોદરામાં જાગૃત નાગરિકે દ્વારા ભ્રષ્ટાચાર અને સત્તાના દૂરુપયોગની અરજી થઈ હતી. જેની તપાસ બાદ ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

વલસાડ, ધરમપુર આસપાસના ગામોમાં જમીન અને પ્લોટ

કૈલાશ ભોયા સામે ભ્રષ્ટાચારના અનેક આક્ષેપોને પગલે મિલકત અંગે તપાસ હાથ ધરાઈ હતી. વડોદરા એસીબીએ ૧ એપ્રિલ ૨૦૧૨થી ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી ભોયાની મિલકતના પુરાવા તેમજ બેંક ખાતાની વિગતો મેળવી હતી. જેમાં પ્રાથમિક દ્ષ્ટિએ જ આવક કરતાં વધુ સંપત્તિ બહાર આવી હતી. વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલા નહેરુ પાર્ક સોસાયટીમાં વૈભવી બંગલો અને હરણીમાં ફ્લેટ હોવાનું બહાર આવ્યું છે. જ્યારે વલસાડ, ધરમપુર અને આસપાસના ગામોમાં જમીન અને પ્લોટ પણ છે.

આવક કરતા ૧.૭૫ કરોડની વધુ સંપત્તિ વસાવી

પરિણામે એસીબીના નાણાકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ કરાતા કૈલાશ ભોયાની કાયદેસરની કુલ આવક ૨.૭૫ કરોડ હતી, જેની સામે તેમને પોતાના અને પરિવારજનોના નામે કુલ રોકાણ અને ખર્ચ ૪.૩૩ કરોડનો કર્યો હતો. આમ આવક કરતા ૧.૭૫ કરોડની વધુ સંપત્તિ વસાવી હોવાનું બહાર આવ્યું હતું.

ભોયાએ ૫૬.૭ ટકા વધુ મિલકતો ભ્રષ્ટાચારથી વસાવી

અગાઉ વડોદરામાં ૨૦૧૪થી ૨૦૧૬ સુધી ફરજ બજાવી ચૂકેલા કૈલાશ ભોયાએ ૫૬.૭ ટકા વધુ મિલકતો ભ્રષ્ટાચારથી વસાવી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. બાદમાં એસીબીના મદદનીશ નિયામક પીએચ ભેસાણીયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એ.એન.પ્રજાપતિએ કૈલાશ ભોયા સામે આવક કરતા વધુ મિલકતનો ભ્રષ્ટાચાર અધિનિયમ મુજબ ગુનો નોંધ્યો છે અને આરોપીને વલસાડ ખાતેથી ઝડપી પાડીને કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે તેના ત્રણ દિવસના રિમાન્ડ મેળવીને તેના બેંક એકાઉન્ટની તપાસ કરી હતી.

કૈલાશ ભોયાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયો

આ દરમિયાન તેના પોતાના પાંચ એકાઉન્ટમાંથી ૧૨ લાખ રૂપિયા મળ્યા હતા. જ્યારે તેની પત્ની અને પુત્રના એકાઉન્ટમાંથી ૧૪ લાખ રૂપિયા મળ્યા હતા. તેના પરિવારના એકાઉન્ટમાંથી કુલ ૨૬ લાખ રૂપિયા મળ્યા હતા. આજે આરોપી કૈલાશ ભોયાને ફરી કોર્ટમાં રજૂ કરાયો હતો. જ્યાં તેને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો આદેશ કર્યો હતો. તેથી તેને વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

બેંક લોકર પર પોલીસને નજર

એસીબી દ્વારા હવે ધરમપુર ખાતેના બેંક લોકોને ખોલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. પોલીસ કોર્ટની મંજૂરી લઈને આરોપીને સાથે રાખીને આગામી દિવસોમાં તેનું બેંક લોકર ખુલશે. આરોપીના બેંક એકાઉન્ટમાં ખૂબ ઓછી રકમ મળી છે. જેથી તેના બેંક લોકરમાં શું મળે છે તેની પર પોલીસને નજર છે.

વડોદરાના નેહેરુ પાર્કમાં કરોડોના બંગલામાં ભોયા રહે છે

એ.સી.બી.ની ચાર વર્ષ સુધી ચાલેલી તપાસમાં વિશ્વામિત્રીમાં પૂર બાદ અચાનક જાગેલા તંત્રએ કાર્યવાહી કરી છે. જેમાં એ.સી.બી દ્વારા તપાસ દરમિયાન આરોપી કૈલાશ ભોયા વડોદરામાં જ રહે છે અને અકોટા નેહરુ પાર્ક સોસાયટીમાં કરોડોની કિંમત ધરાવતો બંગલો ધરાવે છે.

વલસાડ, જૂનાગઢ, સુરત, વડોદરામાં મિલકત વસાવી

આરોપી કૈલાશ ભોયાએ ટાઉન પ્લાનર તરીકે રાજ્યના જુદાજુદા શહેરોમાં મિલકત વસાવી હતી. જેમાં વલસાડ, જૂનાગઢ, સુરત, વડોદરાનો સમાવેશ થાય છે. ફરજ દરમિયાન હંમેશા વિવાદોમાં રહ્યા છે. ફરિયાદો છતાં કોઈ કાર્યવાહી થઈ ન હતી. ચાલુ તપાસ છતાં સુરત બદલી થઈ હતી. જેની પાછળ રાજકીય પીઠબળ હોવાનું મનાય છે. યોગ્ય તપાસ થાય તો ચોંકાવનારી માહિતી બહાર આવી શકે છે.

## વિશ્વ કલ્યાણ, અકાળ મૃત્યુ પામેલ આત્માઓની શાંતિ અને પર્યાવરણની જાગૃતિ માટે ગ્લોબલ મહાયજ્ઞ કરનાર

## અવધૂત બાબા અરુણ ગીરીજી મહારાજ ના દર્શન કરી ૨૦૨૬ માં યોજાનાર એક લાખ આઠ કુંડી રુદ્ર કોટી ચંડી મહાયજ્ઞની માહિતી પ્રાપ્ત કરી







**હસમુખ પટેલ સાધલી.**

તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ સવારના ૧૦:૦૦ કલાકે ગજાનન આશ્રમ માલસરના આચાર્ય શ્રી વિજયભાઈ જોશીજી દ્વારા આવાહન પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ અનંત શ્રી વિભૂષિત અવધૂત બાબા અરુણ ગીરીજી મહારાજ (એન્વાયરનમેન્ટ બાબા) સાથે યજ્ઞ સંપન્ન કર્યા પછી સંકલ્પ ૨૦૨૬ રુદ્ર કોટી ચંડી મહાયજ્ઞ આગામી ૯ ડિસેમ્બર થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૬ બાબતે જાણકારી પ્રાપ્ત કરી ,તે મુજબ સમગ્ર વિશ્વ કલ્યાણ માટે, પર્યાવરણને બચાવવા માટે તથા અકાળ મૃત્યુ પામેલ આત્માઓની શાંતિ માટે આ ગ્લોબલ મહાયજ્ઞ કરાનાર છે. સમગ્ર વિશ્વના ૧૮૫ દેશો ની જુદી જુદી યજ્ઞશાળાઓ નિર્માણ પામશે. દૈવી ચિત્રો થી બનેલ સુવર્ણ કળશમાં વિશ્વના ૧૯૫ દેશોની માટી લાવવામાં આવશે અને આ માટીને ગાયના ગોબરમાં તમામ તીર્થોનું પાણી અને માટી ભેગી કરી યજ્ઞશાળાઓમાં લીપન કરવામાં આવશે. મહાયોગી પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પાયલોટ બાબાજી ના આ કૃપાપાત્ર શિષ્ય છે. યજ્ઞની પ્રકૃતિ બાબત જણાવે છે કે યજ્ઞ લોક કલ્યાણ માટે, યજ્ઞ રાજ સત્તા માટે, યજ્ઞ શત્રુ પર વિજય માટે ,યજ્ઞ કાર્ય સિદ્ધિ કરવા માટે, યજ્ઞ રોગ નિવારણ માટે, અને યજ્ઞ આધ્યાત્મિકતા માટે કરવામાં આવે છે, યજ્ઞ જ સંસારનું સર્વશ્રેષ્ઠ શુભ કર્મ છે ,યજ્ઞના કુંડ મુખ્યત્વે આઠ પ્રકારના હોય છે ,અને દરેકનું પ્રયોજન અલગ અલગ હોય છે. એન્વાયરનમેન્ટ બાબા એ ખાસ જણાવ્યું કે આજના યુગમાં ★ યજ્ઞ હી જીવન હૈ, જીવન હી યજ્ઞ હૈ, સાંસે હો રહી હે કમ, આવો પેડ લગાયે હમ.★ આ યજ્ઞના માધ્યમથી પર્યાવરણની રક્ષા થશે, વિશ્વમાં શાંતિ, રાષ્ટ્રોમાં પ્રેમ અને વ્યાપારની સમૃદ્ધિ ,સાંસ્કૃતિક ઉત્સવમાં વૃદ્ધિ અને જીવ માત્ર નું કલ્યાણ થશે ,કળિયુગના ઘોર પાપ વૃત્તિઓ નો નાશ અને યજ્ઞ યુગનો પ્રારંભ થશે.

# ફકત સરપંચ સામે જ કાર્યવાહી કરવામાં આવતી હોય તો ઉપર ના તમામ અને તલાટી સર્કલ ઓફિસર અને તાલુકા વિકાસ અધિકારી પણ એટલા જ જવાબદાર છે







**બ્યુરો ચીફ પરમાર ભગીરથસિંહ મુળી**

સુરેન્દ્રનગર જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જે થાનગઢ ના વેલાળા ના સરપંચ ને કોલસાની ખાણો બાબતે સસ્પેન્ડ કરવામાં આવેલ છે ગત ૧૦-૯-૨૪ ના હુકમથી તેમાં નોટીસ નો જવાબ પણ આપવામાં આવેલ હતો તેમ છતાં તેઓને સસ્પેન્ડ રાજકીય હાથો બની કરવામાં આવેલ છે તેઓ એ ગત ૩-૧-૨૪ ના રોજ કલેકટર ચાર્જ અને ડીડીઓ મકવાણા સાહેબ ને રૂબરુ રજુઆત આ બાબતે કરી હતી દરચાર મહિના એ લેખિત રજુઆત મામલતદાર થાનગઢ ને કરેલી હતી અને તેઓએ એક રાજકીય આગેવાન અને થાનગઢ તાલુકા પંચાયત ના પુર્વ પ્રમુખ ની કોલસાની ગેરકાયદેસર ખાણો બાબતે રજુઆત કરી હતી અને ખાણ ખનીજ અધિકારીઓ ની મિલી ભગત બાબતે આક્ષેપ કરેલા હતા તે માટે સસ્પેન્ડ કરવામાં આવેલ છે જો સરપંચ સસ્પેન્ડ થાય તો અનેક રજુઆત થાનગઢ મામલતદાર ને કરેલ છે તેઓ પણ સસ્પેન્ડ થાય ખાણ ખનીજ અધિકારી પણ સસ્પેન્ડ થાય અને મુળી તાલુકાનાં ભેટ ગામે ખનીજ ખનન વહન ગેરકાયદેસર સાથે ત્રણ મજુર ના મોત ના જવાબદાર અને એફ આઈ આર મા આરોપી તરીકે નામ દાખલ છે તેવા મુળી તાલુકા પંચાયત ના કારોબારી ચેરમેન કલ્પેશ કેશાભાઈ પરમાર અને જિલ્લા પંચાયત સભ્ય પણ સસ્પેન્ડ આ જિલ્લા ના ડીડીઓ એ કરવા જોઈએ જો ફકત સરપંચ સામે જ કાર્યવાહી કરવામાં આવતી હોય તો ઉપર ના તમામ અને તલાટી સર્કલ ઓફિસર અને તાલુકા વિકાસ અધિકારી પણ એટલા જ જવાબદાર છે .

# વડોદરાના માંજલપુર કા રાજા ગણપતિ બાપાની આરતી ઉતારવાનો લાભ કરજણ- શિનોરના પૂર્વ ધારાસભ્ય સતિષ પટેલને મળેલ






**હસમુખ પટેલ સાધલી.**
વડોદરાના માંજલપુર કા રાજા ગણપતિ બાપાની આરતી ઉતારવાનો લાભ અગાઉ કરજણ- શિનોર ધારાસભ્ય અક્ષય પટેલ દંપતીને મળ્યો હતો અને ગઈકાલે કરજણ-શિનોરના પૂર્વ ધારાસભ્ય સતિષ પટેલને આરતી ઉતારવાનો લાભ મળેલ છે.

વડોદરા શહેરમાં તાજેતરમાં આવેલા વિનાશક પુરમાં શહેર ભાજપાના કોઈપણ આગેવાનોએ લેશમાત્ર શહેરીજનોને મદદ કરી ના હોવાના કારણે તેઓ સામે ભારે આક્રોશ છે ,તેની સામે વડોદરા જિલ્લાના આગેવાનો તરફ આકર્ષણ થયું છે. તેના કારણોમાં આગેવાનો દ્વારા સુખમાં અને દુઃખમાં તથા આપત્તિના સમયમાં મદદરૂપ બન્યા છે. જેના કારણે અગાઉ તારીખ ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ વડોદરાના મુખ્ય સૌથી વધુ પ્રખ્યાત માંજલપુર કા રાજા ગણપતિ બાપા ની આરતી નો લાભ કરજણ-શિનોરના ધારાસભ્ય અક્ષય પટેલ દંપતિને મળ્યો હતો. અને ગઈકાલે તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ જિલ્લા ભાજપા પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય સતિષભાઈ પટેલ સાથે જિલ્લાના સહકારી આગેવાનોને ★ માંજલપુર કા રાજા ★ ગણપતિ બાપા ની આરતીનો લાભ મળ્યો છે, અને આયોજકો દ્વારા સતિષભાઈ પટેલને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ છે. આમ કરજણ - શિનોર વિધાનસભા બેઠકનો વડોદરા શહેરમાં પણ દબદબો જણાય આવે છે.

# તા.૧૫ના રોજ રાત્રી ના ૯:૦૦ કલાકે બાબરા નિલકંઠ મહાદેવ મંદિર(બ્રહ્મકુંડ) ખાતે વિશ્વ હિંદુ પરિષદ/બજરંગ દળ દ્વારા સષ્ઠીપૂર્તિ સમારોહ કાર્યક્રમ બેઠક યોજાઈ





**તશ્વીર ગોરધન દાફડા બાબરા**
અમરેલી.બાબરા.તા.૧૫/૯/૨૦૨૪ રવિવાર ના રોજ રાત્રી ના ૯:૦૦ કલાકે બાબરા નિલકંઠ મહાદેવ મંદિર(બ્રહ્મકુંડ) ખાતે વિશ્વ હિંદુ પરિષદ/બજરંગ દળ દ્વારા સષ્ઠીપૂર્તિ સમારોહ કાર્યક્રમ બેઠક યોજવામાં આવેલ હતી

જે બેઠક માં બાબરા ના સમસ્ત હિંદુ સંગઠનો/વિશ્વ હિંદુ પરિષદ/બજરંગ દળ/તથા બાબરા ના હિંદુ સમાજ ના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા તથા અમરેલી થી વિશ્વ હિંદુ પરિષદ અધ્યક્ષ ઈતેશ ભાઈ મહેતા/ તથા ડો.પંકજભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા અને બેઠકમાં સૌ પ્રથમ દીપ પ્રાગટય કરી પ્રાસંગીક ઉદ્દભોદન માં કાર્યક્રમ માં પધાધારેલાં અધિકારીઓ નું ફુલહાર દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું મહેમાનો નું શાબ્દીક સ્વાગત કર્યા બાદ ઈતેષભાઈ મહેતા ડો.પંકજભાઈ ત્રિવેદી દ્વારા આ વિશ્વ હિંદુ પરિષદ સષ્ઠીપૂર્તિ સમારોહ કાર્યક્રમ નું મહત્વ સમજાવેલ તથા જણાવેલ કે વિશ્વ હિંદુ પરિષદ સંગઠન ના ૬૦ વર્ષ પૂર્ણ થયેલ હોય અને હિંદુ સમાજ અને રાષ્ટ્ર હિત માટે વાતો ની સમજ આપેલ હતી તથા ગજેન્દ્ર ભાઈ શેખવા એ તેઓના ઉદ્દભોદન માં જણાવેલ આગામી સમય માં બાબરા શહેર તથા તાલુકા ના યુવાનોને સંગઠન માં જોડી બજરંગ દળ ત્રિશુલ દીક્ષા નું આયોજન કરવાનું હોય સભ્ય નોંધણી ચાલુ કરવામાં આવેલ હતી તથા આ ટૂંકા સમય માં પધારેલા સમસ્ત હિંદુ સમાજ ના ભાઈઓ તથા સંગઠનો નો આભાર વ્યક્ત કરેલ હતો આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ઈન્દ્રજીત ભાઈ ચૌહાણ બજરંગ દળ અધ્યક્ષ બાબરા.તથા.હરેશ ભાઈ ધોળકિયા બજરંગ દલ મંત્રી શ્રી બાબરા એ ખૂબ જહેમત ઉઠાવેલ હતી

# ઉપલેટામાં એલસીબીનો દરોડો : ઈંગ્લીશ દારૂની ૧૦૮ બોટલ સાથે રોનક ધાડીયા ઝડપાયો



**સુરેશ ભાલીયા જેતપુર દ્વારા...**
રાજકોટ રૂરલ એલસીબી પોલીસે ઉપલેટામાં એક રહેણાંક મકાનમાંથી વિદેશી શરાબની ૧૦૮ નંગ બોટલો સાથે રોનક ઉર્ફે રાજુ ધાડીયાને ઝડપી પાડી, પોલીસે આ દારૂનો જથ્થો જપ્ત કરી, પકડાયેલ શખ્સ અને તેને દારૂનો જથ્થો આપનાર ભાવનગરના શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે,

ઉપલેટા જીરાપા પ્લોટમાં રહેતો રોનક ઉર્ફે રાજુ ધાડીયા પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી તેનું ખાનગી રાહે વેચાણ કરતો હોવાની બાતમી રાજકોટ રૂરલ એલસીબીના હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ જાડેજા, અરવિંદસિંહ જાડેજા, કૌશિકભાઈ જોશીને, મળી હતી, જેથી પોલીસની ટીમે બાતમી મુજબની જગ્યાએ દરોડો પાડી રોનક ઉર્ફે રાજુ ધાડીયાની અટકાયત કરી હતી, જે બાદ પોલીસે આ રોનક ને સાથે રાખી તેમના મકાનની તલાશી લેતા તેમાંથી રૂપિયા ૬૭.૫૦૦ કિંમતની ભારતીય બનાવટની એક લીટરની વિદેશી દારૂની ૧૦૮ નંગ બોટલો મળી આવી હતી, ઝડપાયેલ શખ્સની પુછપરછ કરતા આ દારૂનો જથ્થો ભાવનગરના દીલીપભાઈ ત્રીવેદી આપી ગયા હોવાની કબૂલાત આપતા તેમના વિરુદ્ધ પણ ગુનો નોંધી, દારૂ એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૭૭.૫૦૦ના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી માટે ભાયાવદર પોલીસને સોંપ્યો હતો,

# ગોધરા શહેર તથા ગોધરાની નજીક આવેલ પોપટપૂરા ખાતે આજે ઈદ-એ-મિલાદૂનબ્બી હર્ષોલ્લાસ સાથે ઉજવાયો




**રિપોર્ટર : શકીલ પઠાણ ગોધરા પંચમહાલ**
આજ રોજ ઈદ-એ-મિલાદૂનબ્બી એટ્લે કે ઈસ્લામ ધર્મના છેલ્લા પયગંબર હજરત મુહમ્મદ નો જન્મ દિવસ જે ઈસ્લામિક મહિનાના ત્રીજા મહિના રબીઉલ અવ્વલ ના ૧૨ માં ચાંદના રોજ મનાવવામાં આવે છે, આજથી ૧૪૦૦ વર્ષ અગાઉ સાઉદી અરબિયાના મક્કા શહેરમાં ઈસ્લામ ધર્મના છેલ્લા પયગંબરનો જન્મ થયો હતો, જેઓએ હંમેશા સત્ય, અને એકેશ્વરવાદ નો સંદેશો પાઠવી દુનિયામાં ચાલતા ઘણા કૂ રિવાજો, તેમજ અત્યાચારોને દૂર કરી સમગ્ર વિશ્વને અંધકારમથી એક દિવ્ય ઉર્જા રૂપી જીવન જીવવાના સંસ્કાર અને શિક્ષણ આપ્યું, અને ઈશ્વરની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત કિતાબ એટ્લે કે કુરાન પૂરા વિશ્વ માટે આપ્યું, આવા મહાન પયગંબરનો જન્મ દિવસ સમગ્ર વિશ્વ સાથે હિંદુસ્તાનમાં પણ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે, અને તેવીજ રીતે આજે ગોધરા શહેર તેમજ પોપટપૂરા ખાતે પણ પોપટપૂરા જુમા મસ્જિદના ઈમામ મવલાના ઈલ્યાસ અશરફી ની અગુવાઈમાં ઈદ-એ-મિલાદૂનબ્બી હર્ષોલ્લાસ સાથે ઉજવાયો, ગોધરા ખાતે જુલૂસને તેમજ કોઈ અનીછનીય બનાવ ન બને અને શાંતિના પ્રતિક એવા મુહમ્મદ પયગંબરનો જન્મ દિવસ અમન અને ભાઈચારા સાથે ઉજવાય તે માટે પોલીસ પ્રશાશન ખડે પગે સાથે રહ્યું, અને મુહમ્મદ સાહેબના જન્મ દિવસની મુબારકબાદ આપવા માટે ગોધરા રેન્જ આઈ જી અસારી સાહેબ, એસ પી સોલંકી સાહેબ, તેમજ અન્ય સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

# કરજણ-સાધલી-વડોદરાની બસના ડ્રાઈવર દ્વારા મુસાફરો સાથે સાધલી મુકામે ઉધ્ધતાઈ ભર્યું વર્તન કરાતાં મુસાફરોમાં રોષ

**હસમુખ પટેલ સાધલી.**
કરજણ ડેપો દ્વારા ચલાવવામાં આવતી કરજણ-સાધલી- વડોદરા વાયા કાયાવરોહણ--સલાડ-ધનયાવી-તરસાલી થઈને સવારે ૭-૦૦ કલાકે સાધલી થી વડોદરા બસ જાય છે. પરંતુ આજરોજ તારીખ ૧૬-૦૯-૨૦૨૪ ને સોમવાર ના રોજ સવારે ૭-૧૦ કલાકે બસ સાધલી આવી હતી. જેનો બસ નંબર. ય્ત્ન-૧૮-ઢ-૯૬૫૫ હતો. આ બસ ના ડ્રાઈવર દ્વારા બસ રેલ્વે ફાટક નજીક બસ સ્ટેન્ડ થી દુર ઉભી રાખવા માં આવી હતી.

અન્ય બસો બંધ હોવાથી મુસાફરો ને કયાં ની બસ છે તે ખબર ના પડતાં આ ડ્રાઈવર ને બસ ને બસ સ્ટેન્ડ પર લાવવાનુ કહેતાં ઉશ્કેરાઈ જઈ ને એમ જણાવેલ કે જેને જવુ હશે તે અહિયા આવી ને બેસશે. બસ સ્ટેન્ડ પર બસ નહીં આવે, મુસાફરો દ્વારા કેમ નહીં આવે તો ડ્રાઈવર ઉશ્કેરાઈ ને ગમે તેવી જાહેરમાં ગાળો બોલતો હતો. લેડીઝની પણ મર્યોદા રાખવામા આવી નથી.

જેથી સવારે હાજર રહેલા તમામની સહી લઈને કરજણ ડેપો મેનેજરને લેખિત માં રજુઆત કરવામાં આવેલ છે. આજે જાહેરમાં એમ કહેતો હતો કે મારી ફરિયાદ જયાં કરવી હોય ત્યાં કરી દેજો.બસ અહિયા જ રહેશે.કરજણ ડેપો મેનેજર દ્વારા આ ડ્રાઈવર સામે કાયદેસર ની કાર્યવાહી કરી શિક્ષાત્મક પગલાં લેવાં માં આવે એવી માંગ છે.

# વડોદરાના વાઘોડિયા તેમજ ફલોડ.મઠેલી.વ્યારા.જેવા નાના મોટા ગામડાઓમાં આજ ઇદે મિલાદના ત્યોહાર પર મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ એકતાની સાથે જુલૂસ કાઢવામાં આવ્યો




**.હુસેન મન્સૂરી. વાઘોડિયા.**
રબીઉલ અવ્વલ ના રોજ એક મહાન શાંતી અનેઅમન ના એવા પયગમ્બર હઝરત મહંમદ સાહેબ નો જન્મ થયો અને અંધકાર જહાલત ને દુર કરી સારી દુનિયા પર રહેમત બની સ્ત્રીઓને વિધવાથી સુહાગનો નુ માન આપી શિક્ષણ ને જરૂરી જણાવી એકેશ્વરવાદ તરફ જઈ આતંકી પ્રવૃતિઓ થી દૂર રહી નમાઝ રોઝા હજ ઝકાત અને ગરીબોની સહાય મઝલુમો ની મદદ નાનાઓ પર શફકત વડીલોને માન આપીને શાંતિપૂર્ણ જીવન જીવવાની કળા આપનાર મહાન એવા પયગમ્બર હઝરત મોહંમદ સાહેબનો જન્મદિવસ હોય આજે ઈદે મિલાદ ના ભવ્ય જુલૂસ નુ આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ વાઘોડિયા પી.આઈ.જાડેજા સાહેબ ના માર્ગદર્શન માં પોલીસ પ્રશાસન ચુસ્ત બંદોબસ્ત માં આજે ઈદેમીલાદ અને ગણપતિ બાપા નો ત્યોહાર હિન્દુ મુસ્લિમ ભાઈ ચારાથી મનાવવામાં આવ્યો.

# ડભોઇ નગર અને તાલુકામા મુસ્લિમ સમુદાય દ્વારા મૂઉએ મુબારક ના દીદાર કરી ઈદેએ મિલાદુન્નબી પર્વ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી





**યુસુફ ફાતીયા**
**ડભોઈ**

ડભોઇ નગર અને તાલુકામા મુસ્લિમ સમુદાય દ્વારા સરકાર કી આમદ મરહબા ઈસ્લામિક નારાઓ બુલંદ કરી ભવ્ય જૂલુસ કાજુવાડા મસ્જિદ ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો મૂઉએ મુબારક ના દીદાર કરી ઈદેએ મિલાદુન્નબી પર્વ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી ઈસ્લામ ધર્મના સ્થાપક અને મહાન પૈગંબર હજરત મોહમ્મદ સલ્લાલહો અલયહિ વસલ્લમ નો જન્મ ઈસ્લામી તારીખ ૧૨ મી રબિઉલ અવ્વલ માં સાઉદીઅરબ ના મક્કા શહેરમાં થયો હતો. સમગ્ર દેશ અને વિશ્વમાં મુસ્લિમ સમુદાય દ્વારા આ દિવસે મોહમ્મદ પૈયગંબર સાહેબના જન્મદિવસ નિમિત્તે ભવ્યાતિભવ્ય નાત શરીફ પરતા જુલુસ કાઢી ઈદએ મિલાદુન્નબી ની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ ડભોઇ નગર અને તાલુકાના કેટલાક ગામોમાં ઈદે એ મિલાદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડભોઇ કાજીવાડા મસ્જિદ ખાતે મુસ્લિમ સમુદાય એકત્રિત થઈ ડભોઈ શહેર કાજી સૈયદ સૈફુદીન સાહબ, સૈયદ શફરૂદીન હાસમી, સૈયદ મુઝ્ઝુબાવા, સૈયદ આબિદ બાવા, સૈયદમોઈનુદ્દીન સૈયદ તાહીર હુસેન કાદરી બાપુ મૌલાના અનવર અશરફી સાહબ સૈયદસાદાત તેમજ ઐયુબભાઈ ઘાંચી યુસુફ ફાતિયા યાકુબભાઈ ઘાંચી લાલાભાઈ કડિયા ઈબ્રાહીમભાઈ મહુડાવાલા, સઈદભાઈ લોટ વાલા જાવેદ ભાઈ વકીલ, સબીરભાઈ વકીલ યુસુફભાઈ દિવાન, તેમજ વિવિધ મુસ્લિમવિસ્તારના આગેવાનો ઉપસ્થિત મા જુલુસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો સર્વપ્રથમ હજરત મોહમ્મદના ઘરાના ના લોકોને અને પાક પંજતન નિશાનો ને ફૂલહાર કરી સ્વાગત કરવામાં આવ્યા બાદ આ જુલુસ કાજીવાડા મસ્જિદ થી આગળ વડોદરી ભાગોળ ભીખનકુઈ રબારી વાગા કડીયાવાડ થઈ લાલ બજાર ટાવર ચોક છીપવાડ થઈ પરત કાજીવાડા મસ્જિદ ખાતે ભવ્ય બે કિલોમીટર ઉપરાંત નું જુલુસનુ શાંતિપૂર્વક રીતે સમાપન કરવામાં આવ્યું હતું જ્યારે આ જુલુસમાં નાના બાળકો સહિત મોટા યુવાનો દ્વારા ઈસ્લામિક વસ્ત્ર પહેરી ખુશ્બુ લગાડી ઈસ્લામિક ઝંડાઓ લઈ ભવ્ય જુલુસમાં જોડાયા હતા સાથે જુલુસના રૂટ પર દરેક વિસ્તારમાં ઠેર ઠેર જુલુસમાં જોડાયેલ લોકો માટે નીયાજ રૂપે મીઠાઈ ફરસાણ ઠંડા પાણી કોલ્ડ્રીંક્સ ચોકલેટો પડીકાઓ છાશ દૂધ ખીર વગેરેનું પણ આયોજન કરાયું હતું તેમજ મુસ્લિમ બિરાદરો દ્વારા જુલુસમાં ઈસ્લામિક બેનરો ઝંડાઓ લહેરાવી નાત શરીફ સલામ નજમો અને સરકાર કી આમદ મરહબા ઈસ્લામિક નારાઓ બુલંદ કરી જુલુસની સાનમાં વધારો કર્યો હતો સાથે દરેક વિસ્તારમાં ભવ્ય



જુલુસનુ લોકોએ ઉમળકાભેર રીતે કાજીવાડા મસ્જિદ પાસે સમાપન કરાયુ હતું પોલીસે જુલુસ દરમિયાન ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# છેલ્લા પાંચ વર્ષથી હજરત મોહમ્મદ મુસ્તુફા સાહેબના જન્મદિવસ ઈદે મિલાદુન નબી પ્રસંગે જમીયતે ઉલમા એ હિન્દ તેમજ યુનિટિ જન સેવા કેન્દ્ર અને એસએસજી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું





**યુસુફ ફાતીયા- ડભોઈ**

છેલ્લા પાંચ વર્ષથી હજરત મોહમ્મદ મુસ્તુફા સાહેબના જન્મદિવસ ઈદે મિલાદુન નબી પ્રસંગે જમીયતે ઉલમા એ હિન્દ તેમજ યુનિટિ જન સેવા કેન્દ્ર અને એસએસજી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે ૨૦૦ ઉપરાંત દાતાઓએ બ્લડનું દાન કર્યું હતું વર્ષોથી જમીયતે ઉલમાંએ હીદ માનવતા અને ઈન્સાનિયત નુ ઉદાહરણ પુરૂ પાડે છે...

જમીયતે ઊલમા એ હિન્દ ડભોઈ યુનિટી જન સેવા કેન્દ્ર અને એસએસજી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે ઈદે મિલાદુન નબી ના પ્રસંગે છેલ્લા પાંચ વર્ષથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી રક્તદાન કરો અને માનવ જીવન બચાવો ના સૂત્ર સાથે બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે ૨૦૦ જેટલા યુવાન યુવતી ઓ એ ઉત્સાહભેર યુવાનો અને બહેનોએ પણ બ્લડ ડોનેટ કરી દાતા ઓ એ પ્રસંગ અનુરૂપ માનવતાનું કામ કરી ઉજવણી કરી હતી. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ સમિતિ ના સભ્ય અને વડોદરા જિલ્લા કેળવણી મંડળના પ્રમુખ શશીકાંતભાઈ પટેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તેઓએ જણાવ્યું હતું કે આજના પવિત્ર પ્રસંગે જે રીતના બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કર્યું છે તેઓને અભિનંદન પાઠવ્યા હતા અને રકત થી કેટલાક માનવજીવનનો બચાવ થાય છે. જમીઅતે ઊલમા એ હિન્દ ડભોઈ ના જનરલ સેકેટ્રી હાફીઝ ઈલ્યાસ અત્તર વાલા પ્રમુખ હાફીઝ ઝકરિયા અત્તર વાલા નિસાર ભાઈ ખત્રી ચાચા કી દુકાન મકબૂલ ભાઈ મુલ્લાં

હાફીઝ રિઝવાન લકી શકીલ ભાઈ મન્સૂરી વિગેરે ના હોય કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી...





## કેશોદ માનવ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા કેશોદ તથા આજુબાજુના વિસ્તારના મૃતાત્માના અસ્થિઓ હરિદ્વાર મુકામે અસ્થિ વિસર્જન કરવામાં આવ્યા

**જુનાગઢ તા પ્રકાશ દવે દ્વારા**

આ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી સ્વખર્ચે અસ્થિ વિસર્જન

વિધિવત રીતે ગંગાજી માં પિંડદાન કરી ભૂંદેવોની હાજરીમાં શાસ્ત્રોક્તવિધિથી અસ્થિ વિસર્જન કરવા આવે છે.

જેમાં આ વખતે અસ્થિઓ નું પૂજન અને અંતિમ દર્શન કેશોદ સ્મશાન આ કાર્યકમ રાખવામાં આવેલ હતો.

આ કાર્યક્રમની શરૂવાત ધારાસભ્ય દેવાભાઈ માલમ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા દ્વારા દીપ પ્રજવલિત કરી અને અસ્થિ કુંભ ને ફૂલહાર કરી કરવા આવેલ.

આ તકે કેશોદ શ્રી બ્રહ્મચારી બાપુ ધૂન મંડળ દ્વારા ધૂન રાખવામાં આવેલ તેમજ સ્વજનો ના પરિવાર જનો તથા સગા સબધીઓ દ્વારા પૂજન કરી અને અંતિમ વિદાય આપવા માં આવેલ.

આ કાર્યકમ ને સફળ બનાવવા કેશોદ માનવ સેવા સમાજ ટ્રસ્ટ ના શસિભાઈ જેસુર, રાજુભાઈ બોદર ,વિપુલભાઈ ઢુબર કાંતિભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.



# શિનોર તાલુકાના સાધલી ગામ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે મિલાદની ભવ્ય ઊજવણી કરાઇ







**હસમુખ પટેલ સાધલી.**

શિનોર તાલુકાના સાધલી ગામ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે મિલાદ ની ભવ્ય ઊજવણી કરાઈ હતી. જોહર ની નમાજ બાદ જુલૂસ નો કાર્યક્રમ યોજાયો હતો, મુસ્લિમ ધર્મની ધજા ઉપરાંત ભારતના તિરંગા સાથે મદીના મસ્જિદ થી જુલૂસ નીકળ્યું હતું.જુલૂસ સમગ્ર સાધલીના વિવિધ વિસ્તારોમાં માં ફરી ગાંધીનગર સોસાયટી માં સમાપન કરાયું હતુ. જુલુસ દરમિયાન દરેક સ્થળે ,ઘરોમાં ચોકલેટો , ઠંડા પીણા, બિસ્કીટો વહેંચવામાં આવ્યા હતા, ગાંધીનગર સોસાયટીમાં સમાપન કરવામાં આવ્યું હતું અને ત્યાં આમ નીયાજ નો કાર્યક્રમ યોજાયો હતો,જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ ભાઈ બહેનો જોડાયા હતા. મદીના મસ્જિદમાં બાલ મુબારક ના દર્શન તથા ગાંધીનગર મુકામે બાલ મુબારક ના દર્શન નો લ્હાવો દરેકને મળ્યો હતો.

ઈદે મિલાદને લીધે મિલાદુન્નબી તરીકે ઓળખવામાં આવે છે ઈદ નો મતલબ ખુશી અને મિલાદુન્નબી નો મતલબ નબીના જન્મની ખુશી. દુનિયાભરમાં આદર સાથે ઈદે મિલાદની ઉજવણી થાય છે.

ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મોહંમદ પયગંબર સાહેબે સમગ્ર વિશ્વમાં અમન, શાંતિ અને ભાઈચારા નો સંદેશ પાઠવ્યો છે.હજરત મોહંમદ પયગંબર સાહેબ ફક્ત મુસ્લિમ નહિ પરંતુ તમામ ધર્મના લોકો માટે એક મસીહા બનીને આવ્યા હતા.

જે સમયમાં દીકરીઓને જીવતી જમીનમાં દફન કરી દેવામાં આવતી હતી, તેવા સમયમાં મોહંમદ પયગંબર સાહેબે મહિલાઓને સમાન અધિકારો અપાવ્યા હતા. શિનોર પોલીસ દ્વારા શાંતિપૂર્ણ રીતે કાયદો અને વ્યવસ્થાની તથા ટ્રાફિકની વ્યવસ્થા જાળવી હતી.

# કણ પકવી કોઠાર ભરે અધિક વણ પોષે અઢાર નહિ તિથિ નહિ વાર કિસાન સૌનો પોષકકાર

## ખેડૂતો પ્રત્યે સરકારનું ઓરમાયું વર્તન ક્યાં સુધી ? ગુજરાત કિસાન કોંગ્રેસ ના પાલભાઈ આંબલિયા ના વેધક સવાલ

**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**





જૂનાગઢ વ્હાલા ખેડૂતભાઈઓ

ગુજરાતના ખેડૂતભાઈ ઓને મારા કેટલાક સવાલ આ સવાલ વાંચ્યા પછી તમારા અંતરાત્માને સવાલ પૂછજો કે ખેડૂતો સાથે જ સરકારનું આવું ઓરમાયું વર્તન શા માટે ???

સવાલો.જે સરકાર માત્ર ૧૦ વર્ષમાં ૫- ૨૫ ઉદ્યોગકારોના ૧૪ લાખ ૫૬ હજાર કરોડ માફ કરી શકે એ સરકાર લીલા દુષ્કાળ જેવી સ્થિતિમાં ખેડૂતોના ચાલુ વર્ષના પાક ધિરાણ શા માટે માફ કરતી નથી???

જે સરકાર માત્ર ૧૦ વર્ષમાં ૫ - ૨૫ ઉદ્યોગકારોના ૨૪ લાખ ૯૫ હજાર કરોડ રૂપિયા રાઈટ ઓફ કરી શકે એ સરકાર અતિવૃષ્ટિમાં ખેડૂતોને ૧૦ હજાર કરોડનું પેકેજ શા માટે આપી શકતી નથી ??

જે સરકાર માત્ર ૧૦ વર્ષમાં ઉદ્યોગોમાં કોર્પોરેટ ટેક્ષ ૧૦ % ઘટાડી પરોક્ષ રીતે ઉદ્યોગકારોને દર વર્ષે ૪ લાખ કરોડનો ફાયદો કરે છે એ સરકાર ખેડૂતોના ખેત ઓઝારમાં અને પશુપાલન માં જી્‌ શા માટે રદ કરતી નથી ?? જે સરકાર શહેરોમાં હજારો કરોડો ખર્ચી નદીઓ કાંઠે રિવર ફ્રન્ટ બનાવે છે એ સરકાર ગામડામાં નદી કાંઠે દર વર્ષે ધોવાતા ખેડૂતોના ખેતર બચાવવા પ્રોટેક્શન વોલ શા માટે બનાવતી નથી ???

જે સરકાર શહેરોમાં મોટા મોટા ફલાય ઓવર બ્રિજ બનાવે છે એ સરકાર મારા ઘેડ વિસ્તારમાં દર વર્ષે જે જે ગામડાઓ સંપર્ક વિહોણા થાય છે તેના માટે ૫૦૦ મીટરના પુલ પણ કેમ બનાવી શકતી નથી ???

ઉપરોક્ત સવાલો જેવા અનેક સવાલો મારા મનમાં છે એમ તમારા મનમાં પણ આવતા જ હશે મેં જ્યારે વિચાર્યું કે આવું શા માટે તો તેના જવાબ બહુ સ્પષ્ટ છે કે સરકારને ગુજરાતના નાગરિકો કે ખેડૂતોનો ડર રહ્યો નથી. લોકશાહીમાં સરકાર ખેડૂતો કે જનતાથી બે જ બાબતોથી ડરે.....૧) ચુંટણી સમયે સરકાર વિરુદ્ધ મતદાન ૨ ) પોતાના હક્ક અધિકાર માટે સામુહિક મોટી લડત ગુજરાતમાં ચુંટણી આવે ત્યારે ખેડૂતો ધર્મના નામે મતદાન કરે છે અને આંદોલનમાં ખેડૂતો ક્યારેય સંગઠિત થતા નથી એ આપણી માનસિકતા સરકાર સારી રીતે જાણે છે એટલે સરકારે ૩૯૦% વરસાદ થાય, ખેડૂતોનો ઉભો પાક સુકાય જાય, ખેડૂતોના ખેતરો નદીઓ થઈ જાય તેવા ધોવાઈ જાય તોયે સરકાર સર્વેના નાટક કરશે, વિઘે ૧૭૬૦ રૂપરડી(બે જણા ની બે દિવસની માત્ર મજૂરી) આપશે કેમ કે સરકાર સારી રીતે જાણે છે કે ચુંટણી સમયે લોકોની દરેક પીડા ભુલાવી મત કેવીરીતે મેળવી શકાય

એટલે જ આપ સૌ ગુજરાતના અતિવૃષ્ટિથી પીડિત ખેડૂતભાઈઓને વિનંતી છે કે તમે ગેમ તે જ્ઞાતિ, જાતિ, ધર્મ કે પક્ષમાં માનતા હોવ પહેલા ખેડૂત છો એટલે પહેલા ખેડૂત બનો, એક બનો નેક બનો, પોતાના હક્ક અધિકાર માટે જાગૃત બની સંગઠિત થાઓ.... તમે તમારા ખુદનો અવાજ બનો.... મારે શું કે હૂઁ શું કરી શકું એમાંથી બહાર નીકળો.... તમે ખુદ જ તમારા હક્ક અધિકારનું રક્ષણ કરતા છો.... જો આવું દરેક ખેડૂત સમજી લે... દરેક ખેડૂત વિચારે... ખેડૂતોની લડતમાં એક અવાજે એકઠા થાય તો ભલભલી સરકારને ખેડૂતો માટે વિચારવું પડે... સરકારે ઘેડ વિકાસ નિગમ તાત્કાલિક બનાવવું પડે અને ઘેડનો પ્રશ્ન એક વર્ષમાં જ નિકાલ કરવો પડે, સરકારે દરેક નદી કાંઠે પ્રોટેક્શન વોલ ઉભી કરવી પડે, સરકારે ઉદ્યોગકારોની જેમ ખેડૂતોના ચાલુ વર્ષના પાક ધિરાણ માફ કરવા પડે, સરકારે અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારમાં લીલો દુષ્કાળ જાહેર કરવો પડે અને ઓછામાં ઓછું ૧૦ હજાર કરોડનું આર્થીક પેકેજ પણ જાહેર કરવું પડે....

જો ગુજરાતમાં ખેડૂતો પોતાની એકતાનો પરચો બતાવે તો... ખેડૂતો માટે કૃષિપંચ અને ખેડૂતો માટે કાયમી કૃષિનીતિ પણ બનાવવી પડે..... પણ જરૂર છે ખેડૂતોએ યોગ્ય સમયે જ્ઞાતિ - જાતિના વાળા, ધર્મની દીવાલ ઓળંગી ખેડૂત બની, નાગરિક બની એકતા બતાવવાની સરકારને ખેડૂતોની તાકાત બતાવવાની જરૂર પાલભાઈ આંબલિયા ચેરમેન ગુજરાત કિસાન કોંગ્રેસ

# કેશોદ પંચાયત મા. મ. વિભાગ દ્વારા મેટલ પેચવકેની કામગીરી હાથ ધરવામાં આવી

## ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ખાડાઓ બુરવાનું પંચવકે કામ કરવામાં આવ્યું........


**કેશોદ તા પ્રકાશ દવે દ્વારા**

ચોમાસા બાદ ખાડા વાળા માગે પર હાલમાં પેચવકે ની કામગીરી થઈ રહી છે તેમાં ચાંદીગઢથી મઢડા રોડ નાની ધંસારીરોડ કણેરી મેસવાણ રોડ ખિરસરા સરસાલી રોડ તેમજ થલી વીરોલ રોડ તેમજ સરોડ પાડોદર ચાંદીગઢ ના ઘેડ પંથકના ગામૌ વગેરે નો સમાવેશ થયો છે અને ચોમાસુ પુરૂ થયા બાદ ડામર ની કામગીરી પણ શરૂ કરવામાં આવશે તેમ પંચાયત મા. મ વિભાગ ના કેશોદ ના અધિકારી શ્રી સોલંકી સાહેબે એક વાતચીતમાં જણાવ્યું હતું



# ગોપાલગ્રામનાં નિવૃત શિક્ષકે પ્રધાનમંત્રી મોદીને જન્મ દિને પાઠવ્યો પત્ર

**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**





શિક્ષક કેવો હોવો જોઈએ?

અમરેલી ગોપાલગ્રામ પ્રાથમિક શાળામાં ૨૪ વર્ષ ફરજ બજાવી હજારો બાળ વિદ્યાર્થીઓને કેળવણીના પાઠ ભણાવનાર અને ૩૦ વર્ષથી નિવૃત જીવન જીવતાં મૂલ્યનિષ્ઠ શિક્ષક ચંપકભાઈ નારણભાઈ ધકાણે દેશનાં પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્ર મોદીજીને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી સાથે શિક્ષણનું ખાનગીકરણ તેમજ મોટાભાગના શિક્ષકોની શિક્ષણ પરત્વે બેદરકારી જોઈ પત્ર દ્વારા હૈયા વરાળ ઠાલવી હતી.

તેઓએ વડાપ્રધાનને જણાવ્યું હતું કે, શિક્ષક કેવો હોવો જોઈએ :

×શિક્ષક ક્યારેય સાધારણ નથી હોતો, શિક્ષક એટલે પ્રતિભા બીજની માવજત કરતાં માળી, શિક્ષક સગર્ભા માતા જેવો હોવો જોઈએ, તે ક્યારેય ખોટો ના હોય શકે.એન્જિનિયરની ભૂલ ઈમારતમાં ચણાઈ જાય છે, ડૉકટરની ભૂલ કબરમાં દફનાવાય જાય છે, વકીલની ભૂલ ફાઈલમાં બંધ થઈ જાય છે, તમામની ભૂલ માફ થઈ શકે પણ શિક્ષકની ભૂલથી આખી પેઢી ધોવાઈ જાય છે.

શિક્ષકોને સમય પાલન કેટલું જરૂરી છે તે જણાવતાં શિક્ષકે પુરો સમય શિક્ષણને ફાળવવો જોઈએ, સાચો શિક્ષક એક વર્ષમાં એક મહિનો કપાત પગાર રજા લે છે અને શાળાએ ભણાવવા આવે છે, તેનાં કારણો ક્યારેક શાળાએ આવવાનું બે-પાંચ મિનિટ મોડું થાય, ક્યારેક રિસેસમાંથી પણ વર્ગમાં જવાનું મોડું થાય, ક્યારેક કોઈ સગા- સંબંધી શાળાએ મળવા આવે અને સમય બગાડે, ગામમાં કોઈનું અવસાન થયું હોય ત્યાં વહેવાર કરવા જવાનું થાય, ઘરનાં સભ્ય કોઈ એકાએક બિમાર પડે તો તેની સારવાર કરવા જવાનું થાય એની પણ ગણતરી કરી હતી, બસ એટલું જ.×

દેશનાં પ્રધાનમંત્રી મોદીજીને જન્મ દિવસની અઢળક શુભેચ્છાઓ પાઠવતા એ પણ જણાવ્યું હતું કે, આજરોજ તા.૧૭ સપ્ટેમ્બર તેમનાં ધર્મપત્ની પુષ્પાબેન ધકાણનો પણ જન્મ દિવસ હોય, બેવડાં આનંદની લાગણી અનુભવે છે.

તેમનાં ભણાવેલા વિદ્યાર્થીઓ હાલ મોટામાંમોટા સીતેર વર્ષની વયનાં હયાત છે અને તેમાંથી ઘણાં મોટી નોકરી પર અને ઘણાં રાજકારણમાં સક્રિય છે, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સંતાનો પણ ઉચ્ચ હોદ્દાઓ ઉપર છે.

ચંપક સાહેબ નામથી પ્રખ્યાત જુની પેઢીના માસ્તર ઈન્ટરનેટનો ઉપયોગ યોગ્ય રીતે જાણતાં ના હોય, પોતાનાં વિદ્યાર્થી-પડોશી વિપુલ ભટ્ટી મારફત ઈમેલ કરાવી પ્રધાનમંત્રી, ગુજરાતનાં મુખ્યમંત્રી તેમજ શિક્ષણમંત્રીને જાગૃત સેવા નિવૃત્ત રાજ્ય સેવક તરીકે પોતાની લાગણી પહોચાડી હતી.

# પ્રધાનમંત્રી મોદીનો અમદાવાદ એરપોર્ટ ઉપર સત્કાર સુસ્વાગતમ્

**રિપોર્ટ નટવરલાલ ભાતિયા**

અમદાવાદ ત્રીજી વખત પ્રધાનમંત્રી બન્યા બાદ પ્રથમવાર ગુજરાતના આંગણે પધારેલ વૈશ્વિક નેતા અને લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નું અમદાવાદ એરપોર્ટ ખાતે માનનીય મહા માહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી તેમજ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.





printed By JAIN PANKAJKUMAR DHANKUMAR, And Published By JAIN PANKAJKUMAR DHANKUMAR, on Behalf OF JAIN PANKAJKUMAR DHANKUMAR, And Printing At Janta Ki Awaaz Offset Company, Address : AT: &PO Vansi, Ta & Dit. Bharuch-Pin: 392160. Place Of Publication : 23 MANMOHANPARK, VAGHODIYA, TA. VAGHODIYA DIST. VADODARA, GUJARAT : VOLUME:261- EDITOR IN CHIEFB: NILESH PATHAK